લાખોની ગ્રાન્ટ વેડફાઈ | ફુટપાથ બની વેપારીઓની જાગીર, તંત્રની આંખ આડા કાન

આણંદમાં પ્રજાના ખર્ચે બનેલા માર્ગો અને ફુટપાથ પર સામાનનો ખડકલો

રાહદારીઓ અકસ્માતના ભયે રોડ પર ચાલવા મજબૂર

(પ્રતિનિધિ) આણંદ તા.૩

કરમસદ - આણંદ મહાનગરમાં કાયદો અને વ્યવસ્થા જાણે માત્ર કાગળ પર હોય તેમ શહેરના મુખ્ય માર્ગો પર વેપારીઓએ ફુટપાથો પર બેરોકટોક કબજો જમાવી દીધો છે. લાખો રૂપિયાના જાહેર ખર્ચે બનેલી આ ફુટપાથો હવે રાહદારીઓ માટે નહીં, પણ વેપારીઓના માલસામાનના પ્રદર્શન માટેનું સાધન બની ગઈ છે. આ ગંભીર બેદરકારીને કારણે નગરજનો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ખર્ચીને આ ફુટપાથોનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેનો એકમાત્ર હેતુ રાહદારીઓને સુરક્ષિત અવરજવર માટે માર્ગ પૂરો પાડવાનો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે, વેપારીઓએ આ જગ્યા પર માલસામાન અને ચીજવસ્તુઓનો ખડકલો કરી દીધો હોવાથી ફુટપાથનો ઉપયોગ વેપારી પ્રવૃત્તિઓ માટે થઈ રહ્યો છે. પરિણામે, લોકોએ જીવના જોખમે મુખ્ય રસ્તા પર ચાલવું પડે છે, જેનાથી માર્ગ અકસ્માતની સંભાવનાઓ અનેકગણી વધી ગઈ છે.

દબાણો સામે મનપાના આંખ આડા કાન

સરકાર વિકાસના નામે લાખોની ગ્રાન્ટ ફાળવે છે, ત્યારે તેનું અમલીકરણ કરવાની જવાબદારી જે-તે સ્થાનિક સ્વરાજ્યની હોય છે. આણંદમાં ફુટપાથ પરના દબાણો એ માત્ર ટ્રાફિકની સમસ્યા નથી, પણ વહીવટી તંત્રની નિષ્ફળતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? તેવો સવાલ અત્યારે આણંદની જનતા પૂછી રહી છે.

આણંદ શહેરની ફુટપાથ પરના અતિક્રમણને કારણે વાહનચાલકો માટે રસ્તા સાંકડા થઈ રહ્યા છે, જે શહેરમાં ટ્રાફિક જામની વિકટ સ્થિતિ સર્જે છે. વધુમાં, જ્યારે પગપાળા ચાલતા નાગરિકો આ અતિક્રમણનો વિરોધ કરે છે, ત્યારે વેપારીઓ અને રાહદારીઓ વચ્ચે બોલાચાલી અને ઘર્ષણના બનાવો પણ સામાન્ય બની ગયા હોવાની ફરિયાદો ઉઠી છે.

નગરજનોએ આ જોહુકમી સામે બાંયો ચઢાવી છે. તંત્ર અને મનપાને ઉગ્ર રજૂઆત કરીને માંગ કરવામાં આવી છે કે ફુટપાથ પરનો આ ગેરકાયદેસર કબજો તાત્કાલિક દૂર કરવામાં આવે. માત્ર દબાણ હટાવવા જ નહીં, પણ ફરીથી અતિક્રમણ ન થાય તે માટે તંત્ર દ્વારા કાયદાનું કડક શસ્ત્ર ઉગામવામાં આવે તેવી લોકોની અપેક્ષા છે.

આણંદ રેલવે સ્ટેશન નજીક માલગાડીનો ડબ્બો ખડી પડ્યો

રેલવે વિભાગ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ શહેરના રેલવે સ્ટેશન નજીક આજે એક માલગાડી (ગુડ્સ ટ્રેન)નો ડબ્બો અચાનક પાટા પરથી નીચે ઉતરી જવાની ઘટના બની હતી. આ અકસ્માતને પગલે રેલવે વિભાગના અધિકારીઓ અને ટેકનિકલ સ્ટાફમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાની સાથે જ ઉચ્ચ અધિકારીઓ અને ટેકનિકલ નિષ્ણાતોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ડબ્બાને ફરીથી પાટા પર ચઢાવવા માટેની કામગીરી અને રેલવે ટ્રેકના જીણવટભર્યા નિરીક્ષણનું કાર્ય યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે કોઈ વ્યક્તિને ઈજા થઈ હોવાના સમાચાર નથી, જે મોટી રાહતની વાત છે. જોકે, મુખ્ય લાઈન પર માલગાડીનો ડબ્બો ખડી પડવાને કારણે અન્ય પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેનોના સંચાલન પર તેની અસર પડી શકે છે અને ટ્રેનો મોડી પડવાની શક્યતા છે. રેલવે તંત્ર દ્વારા આ અકસ્માત કયા કારણોસર સર્જાયો ? તેની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે. રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અંગેની વધુ વિગતો અને અકસ્માતનું સચોટ કારણ તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.

ઉમરેઠમાં જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી થશે

તાલુકામાં ૧૪મીએ ભવ્ય તિરંગા યાત્રા અને ૧૫મીએ જનસેવાના કાર્યો થશે

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ જિલ્લામાં ૧૫મી ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વની ભવ્ય ઉજવણી ઉમરેઠના એસએનડીટી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે. આ પર્વના સુચારુ આયોજન માટે કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૨૬ના આ સ્વાતંત્ર્ય પર્વને રાષ્ટ્રભક્તિના જનજુવાળ સાથે ઉજવવા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ઉમરેઠ સહિત જિલ્લાના તમામ તાલુકા મથકો પર સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ એટલે કે ૧૪મી ઓગસ્ટના રોજ ભવ્ય તિરંગા યાત્રા કાઢવામાં આવશે. ૧૫મી ઓગસ્ટના મુખ્ય કાર્યક્રમ દરમિયાન ઉમરેઠ ખાતે રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા ઝુંબેશ જેવા જનસેવાના કાર્યોનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ઉમરેઠ શહેરની તમામ સરકારી ઈમારતોને આકર્ષક રોશનીથી શણગારવામાં આવશે.

આણંદ કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક જે.જી. જસાણી સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. આ મિટિંગમાં અધિકારીઓને પણ વિવિધ જવાબદારી સોંપવામાં આવી હતી.

બે વર્ષથી ચાલતી ગેરકાયદે ફેક્ટરી સામે આંખ આડા કાન કરનારા અધિકારી સામે વડાપ્રધાનને ફરિયાદ

કપડવંજના બ્લાસ્ટ કાંડમાં જવાબદાર અધિકારીઓને છાવરવાના પ્રયાસો !

મામલતદાર, પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓ સામે ફોજદારી ગુનો નોંધવા માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

કપડવંજ ખાતે ગત ૨૮મી જૂન ૨૦૨૬ના રોજ એક ગેરકાયદેસર વિસ્ફોટક અને દીવેટ બનાવતી ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટનો મામલો હવે છેક વડાપ્રધાન કાર્યાલય સુધી પહોંચ્યો છે. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું અને અન્ય લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક તંત્ર દ્વારા ભ્રષ્ટ બાબુઓને બચાવવાના પ્રયાસો થતા હોવાના આક્ષેપ સાથે એક જાગૃત નાગરિકે ૪ જુલાઈના રોજ પીએમઓમાં ઓનલાઈન ફરિયાદ કરી ઉચ્ચસ્તરીય તપાસની દાદ માંગી છે.

આ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આ ફેક્ટરી છેલ્લા બે વર્ષથી કોઈ પણ જાતના લાયસન્સ કે સુરક્ષાના નિયમો વિના ધમધમતી હતી, છતાં સ્થાનિક પોલીસ, મામલતદાર અને કલેક્ટર કચેરીના અધિકારીઓ ઊંઘતા રહ્યા હતા. ખાસ કરીને મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કયા દસ્તાવેજોના આધારે આ ગેરકાયદે એકમને વીજ જોડાણ આપ્યું તે બાબત

અધિકારીઓની સીધી સંડોવણી તરફ ઈશારો કરે છે.

આ ઉપરાંત પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોસિવ્સ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (PESO), પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ફાયર વિભાગની ભૂમિકા પણ શંકાના ઘેરામાં છે. માત્ર ખાતાકીય તપાસ નહીં, પણ ફોજદારી કાર્યવાહીની માંગ અરજદારે માંગ કરી છે કે આ દુર્ઘટના પાછળ જવાબદાર તમામ અધિકારીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનો દાખલ કરવામાં આવે.

માત્ર ખાતાકીય તપાસથી સંતોષ માનવાને બદલે કડક કાયદાકીય પગલાં ભરીને ભ્રષ્ટ અધિકારીઓને જેલભેગા કરવા રજૂઆત કરાઈ છે. પીએમઓએ આ ફરિયાદને ગંભીરતાથી લઈ રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગને આગળની કાર્યવાહી માટે ફોરવર્ડ કરી છે. આ સાથે જ સમગ્ર રાજ્યમાં આવી ગેરકાયદે ફેક્ટરીઓ સામે ચેકિંગ ઝુંબેશ ચલાવવા અને પીડિતોને આર્થિક સહાય આપવાની પણ માંગ કરવામાં આવી છે.

ભાદરણના પ્લાન્ટમાંથી સવા લાખના મોટર-કેબલ ચોરાયા

પેટલાદની કંપનીના બંધ પ્લાન્ટને તસ્કરોએ નિશાન બનાવ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૩

બોરસદ તાલુકાના ભાદરણ રેલવે સ્ટેશન નજીક નિર્માણાધીન WMM પ્લાન્ટમાં અજાણ્યા તસ્કરોએ ત્રાટકી રૂ. 1,26,267ની કિંમતની બે ઈલેક્ટ્રિક મોટર અને કિંમતી કોપર કેબલની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. ચોમાસાના કારણે કામકાજ બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરો ઓપરેટર કેબિનની બારીનો કાચ તોડી અંદર પ્રવેશ્યા હતા. પેટલાદ ખાતે રહેતા અને 'માના એન્ડ કિઆસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ' કંપનીમાં પ્લાન્ટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા બીપીનકુમાર ઓઝાએ આ અંગે ભાદરણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે

પ્રાપ્ત વિગતો મુજબ, ભારે વરસાદના કારણે ગત 22મી જુલાઈથી ભાદરણ ખાતે પ્લાન્ટનું કામ બંધ હતું અને સ્ટાફ અન્ય સ્થળે કાર્યરત હતો. ગત 27મી જુલાઈના રોજ સવારે જ્યારે પ્લાન્ટ સુપરવાઈઝર સ્થળ પર પહોંચ્યા ત્યારે ચોરીની જાણ થઈ હતી. તસ્કરો કેબિનમાંથી રૂ. 35,750ની લોડિંગ બેલ્ટ મોટર, રૂ. 48,817ની ગેધરિંગ બેલ્ટ મોટર, રૂ. 19,400ના કોપર કેબલ અને રૂ. 22,050ના અન્ય કેબલ મળી કુલ રૂ. 1,26,267ની મત્તા ચોરી ગયા છે. આ ચોરી ગત 22 જુલાઈની સાંજથી 27 જુલાઈના સમયગાળા દરમિયાન થઈ હોવાનું અનુમાન છે. ભાદરણ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આણંદમાં એસટી બસની ટક્કરે ૬ વર્ષના માસૂમ બાળકનું મોત

ક્રિકેટ રમતી વખતે બોલ લેવા રોડ પર ગયેલા માસૂમનું પિતાની નજર સામે જ કરુણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદના સામરખા રોડ પર આવેલા ગરનાળા પાસે રવિવારની રજાની મજા એક પરિવાર માટે આજીવનની સજા બની ગઈ હતી. રવિવારે સવારે આશરે ૧૧:૩૦ વાગ્યાના સુમારે આઝાદ રોલિંગ સટલ્સ પાસે ક્રિકેટ રમી રહેલા બાળકોમાંથી ૬ વર્ષનો માસૂમ મોહમંદ સાદાબ અચાનક બોલ લેવા રોડ પર દોડી ગયો હતો. આ સમયે પૂરઝડપે આવી રહેલી એસ.ટી. બસે તેને અડફેટે લેતા માસૂમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આણંદની અમન સોસાયટીમાં રહેતા અને ફેબ્રિકેશનનું કામ કરતા સાકીરહુસેન પઠાણ તેમના પરિવાર સાથે સામરખા ગરનાળા પાસે પોતાના કારખાનાની ખુલ્લી જગ્યામાં ક્રિકેટ રમી રહ્યા હતા. મોટાઓ અને બાળકો અલગ-અલગ મેચ રમીને રવિવારની રજા માણી રહ્યા હતા, ત્યારે જ કાળમુખી બસ ત્રાટકી હતી. રમતા-રમતા બોલ મુખ્ય રોડ તરફ જતાં સાકીરહુસેનનો ૬ વર્ષનો પુત્ર મોહમંદ સાદાબ જેવો બોલ લેવા ગયો, કે તુરંત જ જી.જે. ૧૮ ઝેડ.ટી. ૨૪૭૭ નંબરની એસ.ટી. બસે તેને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત બાદ પરિવારજનોએ લોહીલુહાણ હાલતમાં સાદાબને બસ નીચેથી બહાર કાઢ્યો હતો. તેને માથાના ભાગે, ખભા પર અને પેટમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. પિતા અને મિત્રો તેને તાત્કાલિક એક્ટિવા પર આણંદ લેપ્રોસ્કોપી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ કમનસીબે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.

આ અકસ્માત અંગે મૃતકના પિતા સાકીરહુસેન જાવેદખાન પઠાણની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન હંકારી મોત નીપજાવવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખારોલમાં એક જ રાતમાં ત્રણ મકાનોના તાળા તૂટ્યાં

પરિવારજનો બહારગામ હોવાનો લાભ ઉઠાવી રૂ. 4.07 લાખની ચોરી કરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૩

લુણાવાડા તાલુકાના ખારોલ ગામે ૧ ઓગસ્ટની રાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરોએ આતંક મચાવીને સમગ્ર વિસ્તારમાં ચકચાર જગાવી દીધી છે. તસ્કરોએ એક જ રાતમાં ત્રણ બંધ મકાનોને નિશાન બનાવી કુલ રૂ. ૪,૦૭,૦૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

આ ઘટનાની વિગત મુજબ, ખારોલ ગામના વતની સુરેશગર કાળુગર ગોસાઈ છેલ્લા પંદર દિવસથી પરિવાર સાથે લુણાવાડા ખાતે રહેતા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનની તિજોરી તોડી ૨ તોલાનો સોનાનો દોરો, ૨ તોલાની સોનાની બંગડીઓ અને ૩૦૦ ગ્રામ ચાંદીના છડા (કુલ કિંમત રૂ. ૨.૪૨ લાખ) ની ચોરી કરી હતી.

આ ઉપરાંત, તસ્કરોએ પડોશમાં રહેતા કૈલાસગીરી નાથગીરી ગોસાઈના ઘરનું તાળું તોડી તિજોરીમાંથી ૨૯ ગ્રામનો સોનાનો સેટ અને રોકડા રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૧.૬૫ લાખની ચોરી કરી હતી. અન્ય એક રહેવાસી મહેન્દ્રભાઈ મંગળભાઈ પટેલના ઘરે પણ ચોરીનો પ્રયાસ થયો હતો, પરંતુ કશું હાથ લાગ્યું નહોતું. આ ઘટના અંગે કોઠંબા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. લુણાવાડાના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલી ચોરીના બનાવોથી ફફડાટ ફેલાયો છે.

કરમસદ - આણંદ મનપાના મેલેરિયા વિભાગનું સઘન સર્ચ ઓપરેશન

આણંદમાં મચ્છરના પોરા મળતા ૧૧ એકમ પાસેથી દંડ વસુલાયો

રહેણાંક અને કોમર્શિયલ એકમોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા અને જાહેર આરોગ્યની સુખાકારી જાળવવા માટે કરમસદ આણંદ મહાનગરપાલિકાના મેલેરિયા વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આણંદ મનપા દ્વારા જુલાઈ માસ દરમિયાન મેલેરિયા વિભાગની ટીમોએ રહેણાંક

અને વ્યાવસાયિક એકમોની ઝીણવટભરી તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન ૧૧ જેટલા એકમોમાં મચ્છરોના સંવર્ધન માટે જવાબદાર પોરા (લાર્વા) મળી આવતા તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરી કુલ રૂ. ૨૧,૫૦૦/-નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ચોમાસાની સ્થિતિને જોતા મચ્છરના ઉપદ્રવ સામે બેદરકારી દાખવતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મનપાની અપીલ

- પોતાના પરિસરમાં કે આસપાસમાં બિનજરૂરી પાણીનો ભરાવો ન થવા દેવો.
- સંપૂર્ણ સ્વચ્છતા જાળવી રોગચાળાને અટકાવવામાં સહયોગ આપવો.
- તપાસ દરમિયાન મચ્છરના પોરા મળશે તો કડક દંડનીય કાર્યવાહી કરાશે.

રાષ્ટ્રપ્રેમ : ફિણાવના બાળકોએ વિર જવાનો માટે પ્રેમની રાખડી ગૂંથી

સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ હાથે બનાવેલી રાખડીઓ સાથે આભાર સંદેશ લખી વ્યક્ત કર્યો રાષ્ટ્રપ્રેમ

(પ્રતિનિધિ) ખંભાત તા ૩

ખંભાત તાલુકાના ફિણાવ ગામની શાળામાં આગામી રક્ષાબંધન પર્વને અનુલક્ષીને દેશપ્રેમનો ભાવ ઉજાગર કરતો પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. શાળાના બાળકોએ બોર્ડર પર દેશની સુરક્ષા માટે દિવસ-રાત ફરજ બજાવતા વિર જવાનો માટે પોતાના હાથે રંગબેરંગી રાખડીઓ બનાવી અને સાથે લાગણીસભર આભાર સંદેશ લખીને રાષ્ટ્રપ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ઈન્વિન્સીબલ એન.જી.ઓ., અમદાવાદની પહેલથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા સંદેશો લખ્યા હતા. ભાવનાસભર શબ્દો દ્વારા બાળકોએ સૈનિકો પ્રત્યેનો આદર વ્યક્ત કર્યો હતો. રાખડી નિર્માણ અને સંદેશ લેખન માટે શાળાના આચાર્ય સુરેશભાઈ વાઘેલા તેમજ શિક્ષક રમેશભાઈ ઠાકોર અને નિમેષ પંચાલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા દ્વારા રંગીન દોરા તેમજ પત્ર અને કવર માટે કલર કાગળની વ્યવસ્થા કરવામાં આવી હતી,

કાર્યક્રમ દરમિયાન શિક્ષકોએ વિદ્યાર્થીઓને રક્ષાબંધનના સાંસ્કૃતિક મહત્ત્વ સાથે સૈનિકોના જીવન, તેમની કઠિન ફરજ અને દેશ માટેના બલિદાન વિશે સમજ આપી હતી. નાનકડા વિદ્યાર્થીઓએ રાખડીને માત્ર તહેવાર તરીકે નહીં, પરંતુ દેશની રક્ષા કરતા વિર જવાનો સાથેના લાગણીસભર બંધન તરીકે સ્વીકારી હતી.

ફિણાવ ગામની શાળાનું આ કાર્ય માત્ર રાખડી બનાવવાનો કાર્યક્રમ નહોતો, પરંતુ ભાવિ પેઢીમાં રાષ્ટ્રપ્રેમ, કૃતજ્ઞતા અને દેશસેવાના સંસ્કારોનું સિંચન કરતું જીવંત ઉદાહરણ બની રહ્યું છે. ગામના નાનકડા હાથોથી તૈયાર થયેલી આ રાખડીઓ હવે બોર્ડર સુધી પહોંચીને વિર જવાનોને પણ પોતાના પરિવાર

અને દેશવાસીઓના પ્રેમની અનુભૂતિ કરાવશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225